BRASS CITY
JAMNAGAR FACTORY OWNER'S ASSOCIATION
ESTD : 1948
# JAMNAGAR FACTORY OWNER'S ASSOCIATION
75 YEARS PLATINUM JUBILEE
Plot No. 370/372, G.I.D.C. Industrial Area, Shankar Tekri, Udyognagar, Jamnagar-361 004. (India).
+91 288-2560002-2560003 +91 94264 92698
jfoaj@yahoo.com, jfoajam@gmail.com
www.jamnagarfactoryassociation.com
Scan Me For Android Mobile Application
jfoa_jamnagar

**JFOA/23/075/MON-20072026** **પ્રે સ નો ટ**

## જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશન તથા નાયરા એનર્જીના સંયુકત ઉપક્રમે ચાલી રહેલ ટ્રેઈનિંગ સેન્ટરમાં તાલીમ પુર્ણ કરનાર તાલીમાર્થીઓને પ્રમાણપત્ર તથા કીટ વિતરણ કરાયું

જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશન તથા નાયરા એનર્જી લીમીટેડના સંયુકત પ્રયાસોથી શંકરટેકરી, ઉદ્યોગનગર વિસ્તારમાં સીએનસી/વિએમસી/ઓટોકેડ ટ્રેઈનિંગ સેન્ટર દ્વારા યુવાનોને રોજગારલક્ષી ગુણવતાસભર તાલીમ આપવામાં આવી રહી છે. અન્ય ખાનગી ટ્રેઈનિંગ સેન્ટરની સરખામણીમાં અત્યંત વ્યાજબી ફી સાથેના કોર્ષમાં તાલીમાર્થીઓને થિયરી ઉપરાંત અત્યાધુનીક સીએનસી/વીએમસી મશીન પર પ્રેકટીકલ તાલીમ આપવામાં આવી રહી છે, અને અત્યાર સુધીમાં હજારો વિધાર્થીઓ, કર્મચારીઓ તથા બહેનોએ પણ આ સેન્ટરમાંથી સફળતાપુર્વક તાલીમ મેળવી રોજગારી પ્રાપ્ત કરી છે. જયાં અન્ય ખાનગી સંસ્થાઓ દ્વારા આશરે ૧૨ થી ૧૫ હજાર સુધીની ફી લેવામાં આવે છે ત્યાં આ ટ્રેઈનિંગ સેન્ટરમાં માત્ર રૂ/—૩,૫૪૦ ની વ્યાજબી ફી માં બે માસ સુધી અત્યાધુનિક સીએનસી/વિએમસી મશીનો પર તાલીમ આપી અને યુવાનો, વિધાર્થીઓને સ્વાવલંબી બનાવવા માટેના પ્રયત્નો કરવામાં આવી રહયા છે. ખાસ કરીને વિધાર્થીઓ તથા બહેનોને ફીમાં ૫૦% ની રાહત આપવામાં આવે છે જેના પરિણામે વધુને વધુ યુવાનો કૌશલ્ય પ્રાપ્ત કરી આત્મનિર્ભર બની રહયા છે.

તાજેતરમાં આ ટેકનીકલ ટ્રેઈનિંગ સેન્ટરમાંથી સફળતાપુર્વક તાલીમ પુર્ણ કરનાર તાલીમાર્થીઓને પ્રમાણપત્ર તથા કીટ વિતરણનો સમારંભ એસોસીએશન ખાતે યોજવામાં આવેલ હતો. આ પ્રસંગે જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશનના પ્રમુખશ્રી રામજીભાઈ ગઢીયા, ઉપપ્રમુખશ્રી ધરમભાઈ જોશી, માનદમંત્રીશ્રી મેહુલભાઈ જોબનપુત્રા, સહમંત્રીશ્રી બિપીનભાઈ સોરઠીયા, ખજાનચીશ્રી હર્ષદભાઈ પણસારા, ઓડીટરશ્રી અશોકભાઈ સોલંકી, નાયરા એનર્જીના સી.એસ.આર. મેનેજરશ્રી અર્જુન કૌરવા સાહેબ, ઈનશકિત ફાઉન્ડેશનના શ્રી હિરેનભાઈ ગોપીયાણી તથા એસોસીએશનના કારોબારી સભ્યશ્રીઓના વરદ હસ્તે તાલીમાર્થીઓને પ્રમાણપત્ર તથા કીટ વિતરણ કરવામાં આવેલ હતું.

આ પ્રસંગે જામનગર ફેકટરી ઓનર્સ એસોસીએશન પ્રમુખશ્રી રામજીભાઈ ગઢીયાએ તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું હતુ કે આ ટેકનીકલ ટ્રેઈનિંગ સેન્ટરની સફળ કામગીરીમાં નાયરા એનર્જી લીમીટેડ દ્વારા કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલીટી અંતર્ગત યુવાનોના કૌશલ્ય વિકાસ અને રોજગારલક્ષી તાલીમ માટે આપવામાં આવી રહેલ સહયોગ અત્યંત પ્રશંસનીય તેમજ પ્રેરણાદાયી છે. સમાજના યુવાનોને આત્મનિર્ભર બનાવવાના આ પ્રયાસોમાં નાયરા એનર્જી પોતાની સામાજીક પ્રતિબધ્ધતાનું ઉતમ ઉદાહરણ પુરૂ પાડી રહયું છે. સાથોસાથ ઈનશકિત ફાઉન્ડેશન તથા સમગ્ર સંચાલન ટીમના મહત્વપુર્ણ યોગદાનની પણ નોંધ લઈ સૌના નિષ્ઠાભર્યા પ્રયાસોની પ્રસંશા કરી અભિનંદન પાઠવ્યા હતાં અને તાલીમ પુર્ણ કરનાર તમામ તાલીમાર્થીઓને પણ શુભેચ્છાઓ પાઠવતાં જણાવ્યુ હતું કે તેમણે મહેનત, શિસ્ત અને સમપર્ણથી નવી ટેકનીકલ કુશળતા પ્રાપ્ત કરી છે જે તેમના ઉજજવળ ભવિષ્યનો મજબુત પાયો બનશે. તાલીમ દ્વારા પ્રાપ્ત થયેલા જ્ઞાનનો યોગ્ય ઉપયોગ કરીને સ્વાવલંબી બની, રોજગાર પ્રાપ્ત કરવા, તથા જામનગરના બ્રાસઉદ્યોગ તેમજ દેશના ઔદ્યોગિક વિકાસમાં મહત્વપુર્ણ યોગદાન આપશે તેવી આશા વ્યકત કરી હતી.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન તથા આભાર વિધિ ટેકનીકલ ટ્રેઈનિંગ સેન્ટરના મેનેજરશ્રી વિશાલભાઈ ત્રિવેદી દ્વારા કરવામાં આવી હતી.

**મેહુલ ડી. જોબનપુત્રા**
**માનદમંત્રી**